# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- **મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવની આયોજન બેઠક યોજાઇ. - બાળકોના ભવિષ્ય માટે સર્વોત્તમ પ્રદાન કરવાનો મુખ્યમંત્રીનો નિર્ધાર.**
- **રાજ્યમાં આવતીકાલથી શરૂ થનારા શાળા પ્રવેશોત્સવ અંતર્ગત 1 લાખ 75 હજાર 815 બાળકોને આંગણવાડીમાં પ્રવેશ અપાશે.**
- **નીટની પરીક્ષામાં ગેરરીતિ મામલે ગોધરામાં CBIની ટીમે તપાસ શરૂ કરી.**
- **મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ સહિતના જિલ્લાઓમાં આજે વરસાદની આગાહી.**
- **સુરતના વિદ્યાર્થીએ નવી દિલ્હીમાં યોજાયેલી “ઇન્ડિયા સ્કિલ્સ 2024” સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો.**

---

## SHALA PRAVESHOTSAV KIT VITARAN

રાજ્યમાં આવતીકાલથી શરૂ થનારા “શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ” દરમિયાન સૌપ્રથમ વખત નવી શિક્ષણ નીતિ 2020 અંતર્ગત શાળામાં પ્રવેશ લેનારા બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં આવશે. આ કિટમાં 30 પ્રકારની વિવિધ અભ્યાસ સામગ્રી હશે.

આ નવીન શૈક્ષણિક કિટમાં કાર્યપ્રણાલી, N.C.F-S.C.F. વિહંગાવલોકન, અધ્યયન નિષ્પત્તિ સમજ, અધ્યયન સંપુટ પરિચય, એકમ પરિચય, સપ્તરંગી શનિવાર, જાદુઈ પિટારા સામગ્રી, વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી, પ્રોજેક્ટ પ્રવૃત્તિ પુસ્તક, લેખનપોથી, ચિત્રપોથી, નોટબૂક, સ્લેટ અને પેનબોક્સ, શૈક્ષણિક સ્ટેશનરી કિટ, વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર, નિપૂણ ભારત માર્ગદર્શિકા, વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિ, સર્જન માટેની વર્ગસામગ્રી, અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ તેમ જ બોર્ડ પુસ્તકનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ૨૧મા શાળા પ્રવેશોત્સ માટેની માર્ગદર્શન બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. તે દરમ્યાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે..

(ઓડિયો – મુખ્યમંત્રી)

.................................................................................

## ANGANWADI PRAVESHOTSAV

રાજ્યમાં આવતીકાલથી શરૂ થનારા શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ૩થી 6 વર્ષની વયના 1 લાખ 75 હજાર 815 બાળકોને આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવશે. આ બાળકોમાં 90 હજાર 212 બાળક અને 85 હજાર 603 બાળકીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમ મહિલા અને બાળ વિકાસ વિભાગે જણાવ્યું છે.

વિભાગે જણાવ્યું કે, આંગણવાડીઓમાં આધુનિક ટેકનોલૉજી દ્વારા બાળકોને માર્ગદર્શન અને શિક્ષણ આપવા માટે “ઉંબરે આંગણવાડી” સામાજિક માધ્યમ દ્વારા અભ્યાસક્રમ આધારિત બાળઆનંદ, સર્જનાત્મક, રચનાત્મક પ્રવૃત્તિઓ સિવાય માતા-પિતા અને વાલીઓ માટે પોઝિટિવ પેરેન્ટીંગના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.

........................................................................

## NEET CBI TEAM GODHARA

પંચમહાલના ગોધરાની એક શાળામાં નીટ પરીક્ષામાં ગેરરીતિની તપાસ CBIને સોંપવામાં આવી  છે. તપાસ માટે ગોધરા પહોંચેલી  રાષ્ટ્રીય તપાસ સંસ્થા-CBIની ટીમે પૂછપરછ શરૂ કરી છે. આ સાથે પંચમહાલ જિલ્લા પોલીસ અધીક્ષક હિમાંશુ સોલંકી સહિત અન્ય પોલીસ અધિકારીઓ પણ ગોધરા સર્કિટ હાઉસ ખાતે હાજર રહ્યા હતા.

આ અંગે પંચમહાલ જિલ્લા પોલીસ અધીક્ષક હિમાંશુ સોલંકીએ જણાવ્યું હતું કે હાલમાં કેસ CBIને સોંપવાની કામગીરી ચાલી રહી છે અને ગોધરા પોલીસ તપાસમાં મદદ કરી રહી છે.

પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, NEET UG -2024ની તારીખ પાંચમી મેના રોજ લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિઓ અંગે ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન ભારત સરકાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

........................................................................

# STATE TEMPERATURE

રાજ્યના હવામાન વિભાગે આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ સહિતના જિલ્લાઓમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કચ્છના ભુજમાં નોંધાયું. જ્યારે કંડલા એરપોર્ટ અને રાજકોટમાં 41, અમદાવાદ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે અન્ય જિલ્લાઓ અને શહેરોમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસથી ઓછું રહ્યું હતું.

.............................................................................

# STATE RAIN

રાજ્યમાં અમદાવાદ સહિત અનેક જગ્યાએ ગઈકાલે વરસાદ વરસ્યો હતો. છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, જિલ્લામાં ગઈકાલે સવારે તોફાની વરસાદ વરસ્યો હતો. અને આજે સવારે પાંચ વાગ્યાથી ફરી વરસાદ શરૂ થઈ ગયો છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, શહેરી વિસ્તારમાં હાલમાં વરસાદ શરૂ થઈ ગયો છે. શહેરના સેક્ટરો, વાવોલ, કોલવડા, કુડાસણ, સરગાસણ, પેથાપુર સહિતના આસપાસના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, ગઈકાલે રાત્રે શહેરના અનેક વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. આના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, જિલ્લામાં મોડી રાતથી ધીમી ધારે વરસાદ શરૂ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, જિલ્લામાં છેલ્લા 2 દિવસથી ઝરમર વરસાદ વરસતા ગરમીમાં આંશિક રાહત મળી છે. ગઈકાલ સાંજ સુધીમાં પોરબંદરમાં ૭ અને રાણાવાવમાં સાત મિલીમીટર જેટલો સામાન્ય વરસાદ વરસ્યો હતો.

જ્યારે બરડા પંથકના બગવદર, બાવળવાવ સહિતના 15થી 20 ગામમાં એક કલાકમાં અડધાથી દોઢ ઇંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે ભાવપરા, મિયાણી, ટુકડા સહિતના પંથકમાં ગઈકાલે ઋતુનો પહેલો વરસાદ વરસ્યો હતો.

મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, જિલ્લાના લુણાવાડા, ખાનપુર અને કડાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ગાજવીજ સાથે ધીમીધારે વરસાદનું આગમન થયું હતું. વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં વિજ પૂરવઠો ઠપ્પ થઈ ગયો હતો.

પંચમહાલ જિલ્લામાં પણ ગોધરા શહેર તેમ જ પોપટપુરા, વેજલપુર, બેટીયા, ભામૈયા, વાવડી, વેગનપુર, ટૂવા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદનું આગમન થયું છે.

..................................................................................

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

---

## PM AVAS YOJNA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ કુલ 8 લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય પૂરું કરવામાં આવ્યું છે.

જૂન 2015માં જાહેરાત બાદ, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાત રાજ્ય માટે અંદાજિત માંગ મુજબ 7 લાખ 64 હજાર આવાસોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, જેની સામે આજ દિન સુધીમાં કુલ 9 લાખ 78 હજાર આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર થયેલ આવાસોમાંથી 8 લાખથી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પોસાય તેવી કિંમતોએ પાકાં મકાનો ઉપલબ્ધ કરાવવાના હેતુથી  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2015માં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો પ્રારંભ કર્યો હતો.

…………………………………………………………………

## HARSH SANGHVI

રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં ડ્રગ્સ વિરોધી અભિયાન અંતર્ગત 1 હજાર 700થી વધુ કેસ નોંધાયા છે. જ્યારે આ કેસમાં 2 હજાર 607 આરોપીઓની ધરપકડ કરાઇ છે. રાજ્ય સરકારના ડ્રગ્સ વિરોધી પગલાંઓ અંગે અમદાવાદમાં પત્રકારોને માહિતી આપતા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજયમાંથી ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા સરકારની પ્રતિબધ્ધતા દોહરાવી હતી..

રાજ્ય સરકારે માદક પદાર્થનો વેપાર કરતાં પેડલરોને પકડવામાં જે વ્યૂહરચના અપનાવી છે તેને કારણે વધુને વધુ આરોપીઓ પકડાઇ રહ્યાં છે. માદક પદાર્થનો વેપાર કરનારાઓની માહિતી આપનારને પોલીસે જે પુરસ્કાર આપવાની યોજના અમલમાં મૂકી છે તે દેશમાં પ્રથમ યોજના હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા આરંભાયેલા આ અભિયાનને વધુ અસરકારક બનાવવા સામાજિક સહયોગ માટે ગૃહરાજ્ય મંત્રીએ અપીલ કરી હતી. તેમજ માદક પદાર્થના દૂષણને નાબૂદ કરવા સરકાર કોઇ કસર બાકી રાખશે નહીં તેવી પણ તેમણે ખાતરી આપી હતી.

.......................................................................

## SURAT BHAVESH ROJIYA

સુરત ગુના શાખામાં એક જ દિવસમાં માદક પદાર્થના 5 કેસની ફરિયાદ નોંધવામાં આવી છે.

આ પાંચ કેસમાં 35 લાખથી વધુની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું છે. મુંબઈથી સુરત રેલવે સ્ટેશન આવેલા એક યુવક અને યુવતીની સ્કૂલ બેગમાંથી 25 લાખ રૂપિયાનો માદક પદાર્થ મળી આવ્યો હતો.

આ અંગે વધુ માહિતી આપતાં સુરત ગુના શાખાના નાયબ પોલીસ કમિશનર ભાવેશ રોજીયાએ જણાવ્યું કે....

બાઈટ : ભાવેશ રોજીયા ( DCP સુરત ક્રાઇમ બ્રાન્ચ)

.................................................................................................

## SURAT BRONZE MEDAL

સુરતના મજુરાગેટ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં અભ્યાસ કરતા સોલાર ટેકનિશિયન ટ્રેડના તાલિમાર્થી ધારિત જસાણીએ તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલી “ઇન્ડિયા સ્કિલ્સ 2024” સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

દેશના યુવાનોની કલ્પનાશક્તિ અને દક્ષતામાં વધારો થાય તેમ જ યુવાનોને કૌશલ્ય ક્ષેત્રે નવી ઉડાન મળે તેવા હેતુથી દર 2 વર્ષે ભારતીય સ્તરે ઈન્ડિયા સ્કિલ્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે, જે અંતર્ગત સુરતના વિદ્યાર્થી ધારિત જસાણીએ સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર જી. કે. જરીવાલાના માર્ગદર્શન હેઠળ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્કીલ સ્પર્ધામાં ભાગ લઈ ત્રીજો ક્રમાંક મેળવતા કાંસ્ય ચંદ્રક હાંસલ કર્યો હતો.

.....................................................................................